કેજરીવાલની અણ્ણા સાથે વિસ્તૃત ચર્ચા

નવી દિલ્હી,તા. ૧

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેની સાથે નવા સંગઠનની રચનાની શક્યતા વચ્ચે અરવિન્દ કેજરીવાલ અને મનીષ સિસોદિયાએ વાતચીત કરી હતી. આ બેઠકમાં પ્રવર્તમાન સ્થિતી અને નવી શક્યતા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મુલાકાત બાદ કેજરીવાલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે અણ્ણા અને અમારી વચ્ચે કોઇ મતભેદ નથી. સંઘર્ષની કોઇ સ્થિતી નથી. અણ્ણાના દરેક ફેંસલામાં અમે તેમની સાથે છીએ. કેજરીવાલે ભારપૂર્વક કહ્યું હતું કે અણ્ણા જે કંઇ પણ કરશે અમે તેમની સાથે જ રહીશુ. ભ્રષ્ટાચારની સામે લડાઇમાં અમે હમેંશા અણ્ણાની સાથે જ રહીશુ. દરેક નિર્ણયમાં અણ્ણાની સાથે જ છીએ. અણ્ણાની સાથે સંબંધો યથાવત છે. અમે અણ્ણાને આગળ પણ મળતા રહીશુ. અણ્ણા હાલમાં દિલ્હીમાં છે જેથી અમે મળવા માટે આવ્યા છીએ. અણ્ણા જ્યારે પણ અમને બોલાવશે ત્યારે અમે સાથે જ આવીશુ. કેજરીવાલ દ્વારા રાજકારણમાં પ્રવેશ કરવાની દિશામાં આગળ વધવાનો સંકેત આપ્યા બાદ અણ્ણા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને હળવી કરતા કેજરીવાલે કહ્યું હતું કે અમારી વચ્ચે કોઇ પણ લડાઇ નથી. અમે જુદા જુદા રસ્તાઓ મારફતે ભ્રષ્ટાચારની સામે જંગ ચલાવી રહ્યા છીએ. અણ્ણાએ ગઇકાલે કેજરીવાલ અને તેમના મિત્રો પર પ્રહાર કરતા કહ્યું હતું કે રાજકારણની

રમત યોગ્ય નથી. મંજિલ એક છે પરંતુ રસ્તા જુદા જુદા છે તેવી વાત કરતા કેજરીવાલે કહ્યું હતું કે દેશમાંથી ભ્રષ્ટાચારને નાબુદ કરવા માટે અનેક રસ્તા અપનાવવાની જરૂર છે.

મનીષ સિસોદિયાની સાથે મળવા માટે પહોંચેલા કેજરીવાલે કહ્યું હતું કે તેમની વચ્ચે મતભેદો હોવાના અહેવાલ પાયાવગરના છે. એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે કેજરીવાલ આવતીકાલે નવી પાર્ટીની જાહેરાત કરશે . હાલમાં જ એવા અહેવાલ આવ્યા હતા કે કેજરીવાલ મંગળવારે નવી પાર્ટીની રચનાની જાહેરાત કરી શકે છે. જો કે વિશ્વસનિય સુત્રોએ કહ્યું છે કે કેજરીવાલે હાલમાં નવી પાર્ટીની રચનાની યોજના ટાળી દીધી છે. અણ્ણા સાથે બેઠક બાદ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.અણ્ણા અને કેજરીવાલ વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી વિવાદ હોવાના અહેવાલ મિડિયામાં સતત આવી રહ્યા હતા જેથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો.

સમાચાર ઝલક

- રૂપિયો મજબૂત થતાં સોનાની કિંમતમાં ઘટાડાની શક્યતા.
- તેલંગાણા વિવાદ વધુ વકર્યો, રેલી દરમિયાન હિંસા, ભારે વિસ્ફોટક પરિસ્થિતિ.
- ૧૦૮ એમ્બ્યુલન્સ ૬૦ કિ.મી.ની ઝડપથી વધારે હકારાશે નહીં.
- દૃષ્ટિહિનો માટે ખાસ પ્રયોગ, અવાજ સાંભળીને રૂપિયા કાઢી આપશે એ.ટી.એમ.
- હોસ્પિટલ તથા સ્વૈચ્છિક સંસ્થાઓને રાહત ભાવનો ગેસ સિલિન્ડર મળશે નહીં.
- સીંગતેલમાં સતત ભાવ તૂટતા રહે છે, એક જ મહિનામાં રૂા. ૩૦૦/- ડબ્બે તૂટ્યા.
- ટીમ અણ્ણાના ભંગાણ માટે કેજરીવાલ જવાબદાર : અણ્ણા હજારેનો ધડાકો.
- બુધવારથી દૂધના ભાવમાં વધારો થવાનાં ભણકારા.
- ભારતની ઐતિહાસિક સિધ્ધિ, ૩૪૦૦ કિલો વજનનો ઉપગ્રહ તરતો મૂક્યો.
- ભૂતપૂર્વ શિક્ષક મંત્રી નલિનભાઇ ભટ્ટનો ભાજપમાં પુનઃપ્રવેશ.
- મોરબીમાં કારમાંથી રૂપિયા ૭ લાખની ઉંઠાતરી, અજાણ્યો ટાબરીયો રૂપિયાનો થેલો લઇ છૂમંતર.
- કેલકર સમિતિની ભલામણ, ડીઝલ, ગેસ સિલિન્ડર, કેરોસીનમાં ભાવવધારો જરૂરી.
- ટી-૨૦ વર્લ્ડકપ મેચ 'ફાઇટ ટુ ફિનીશ'માં પાકિસ્તાનને આઠ વિકેટે કચડતું ભારત, વિરાટ કોહલી હીરો.
- સાવરકુંડલામાં વીજ ટ્રાન્સફોર્મર પર કબૂતરને પકડવા દીપડાએ છલાંગ લગાવી તો ચમદૂતને ભેટ્યો, વીજ કરંટથી તેનું મોત.
- ગ્રાન્ડેટ શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે, વિદ્યાર્થીઓને ફ્રી શિક્ષણનો લાભ મળશે.
- ભારતમાં ૧૮.૮ ટકા લોકોના મોત હાર્ટ એટેકથી થાય છે : અહેવાલ રિપોર્ટ.
- અધ્યાપકોની માંગણી સંતોષાતા આંદોલન સમેટાયું.

શેરબજારમાં તેજી જારી : ૬૧ પોઇન્ટનો નજીવો વધારો થયો

મુંબઇ, તા. ૧

ચાલુ સપ્તાહના પ્રારંભિક દિને જ ભારતીય શેરબજાર સામાન્ય વધારા સાથે બંધ રહ્યું હતું. મુંબઇ શેરબજારના બીએસઇ સેન્સેટીવ ઇન્ડેક્સ ૬૧ પોઇન્ટના વધારા સાથે ૧૮૮૨૪ની સપાટીએ મજબૂત રહ્યો હતો. સેન્સેક્સના પગલે પગલે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં પણ ૧૫ પોઇન્ટનો વધારો થતાં ૫૭૧૯ પર બંધ થયો હતો. આજે શેરબજારમાં સાંકડા અંતરની વધઘટ સમગ્ર સેશન દરમ્યાન રહી હતી. ઓગસ્ટની તુલનામાં સપ્ટેમ્બરમાં મેન્યુફેક્ચરીંગ કામકાજ સ્થિર રહ્યું હતું. નિકાસના ઓર્ડર મળતા આઉટપુટ વધ્યું હતું. બીએસઇ-૩૦ સ્ક્રીપોમાં સૌથી વધુ ૩ ટકાનો વધારો ઇન્ફોસીસમાં થયો હતો. જેથી શેરની કિંમત ૨૬૧૦ રૂપિયા થઇ ગઇ હતી. તાતા મોટર્સ, જીંદાલ સ્ટીલ, ભેલ, હિન્દાલકો, એસબીઆઇ, સ્ટરલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, એનટીપીસી, વિપ્રો, આઇટીસી, ટીસીએસ અને એલએન્ડટીમાં ૦.૫ થી ૨.૩ ટકાની વચ્ચે વધારો થયો હતો. જ્યારે સૌથી વધુ ઘટાડો ઓટોમોબાઇલ જાયન્ટ, બજાજ ઓટોમાં નોંધાયો હતો. તાતા પાવર, એચડીએફસી બેંક, ઓએનજીસી, એચડીએફસી, તાતા સ્ટીલ, એચયુએલ, આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ડેક્ષ હેવીવેઇટ, રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં પણ સામાન્ય ઘટાડો નોંધાયો હતો. ક્ષેત્રીય ઇન્ડેક્સમાં સૌથી વધુ ૧.૮ ટકા અથવા ૧૧૧ પોઇન્ટનો વધારો આઇટીમાં થયો હતો. કેપીટલ ગુડ્ઝ, ઓટો પાવર, હેલ્થકેર, મેટલ, એફએમસીજી, મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને પીએસજીમાં ૦.૩ થી ૧.૫ ટકાનો વધારો નોંધાયો હતો. જાપાનનો ૨૨૫ નિક્કી ૭૪ પોઇન્ટ ઘટી ૮૭૯૬, અને દક્ષિણ કોરિયાના કોસ્પી ૬ પોઇન્ટ ઘટી ૩૦૫૪ પર બંધ રહ્યો હતો. તાઇવાનનો ઇન્ડેક્સ ૩૯ પોઇન્ટ ઘટી ૭૬૭૫ પર બંધ થયો હતો. દરમ્યાન યુરોપીયન બજારો ૧ ટકાના ઊંચા મથાળે ખૂલ્યો હતો.

એસી ક્લાસ રેલવે યાત્રી ભાડામાં ૩.૭ ટકાનો વધારો અંતે અમલી

નવી દિલ્હી, તા.૧

તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો ઉપર વધારાનો બોજ આજથી અમલી બની રહ્યો છે. આજથી એસી રેલવે યાત્રી ભાડામાં વધારો અમલી બની ગયો છે. યુપીએમાંથી તૃણમૂલ કોંગ્રેસની બાદબાકી થયા બાદ હાલમાં જ નાણાંમંત્રાલયે એસી રેલવે પ્રવાસ પર સર્વિસ ટેક્સ લાગુ કરવાનો નિર્ણય કર્યો હતો. સાથે સાથે નૂર સર્વિસના ભાડામાં પણ વધારો અમલી બની ગયો છે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે એસી ફસ્ટ ક્લાસ, એક્ઝીક્યુટીવ ક્લાસ, એસી-ટુ ટાયર, એસી-થ્રી ટાયર, એસી ચેર કારના ભાડામાં આજથી ૩.૭ ટકાનો વધારો અમલી બની ગયો છે. આ અંગેનું જાહેરનામું ગુરુવારના દિવસે વિધીવત્ રીતે જારી કરવામાં આવશે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ આ અંગેની માહિતી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રેલવે પ્રધાન સી પી જોષી અને નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ્ વચ્ચે યોજાયેલી મિટીંગમાં બુધવારે એસી ક્લાસ, નૂર અને અન્ય સર્વિસ ઉપર સર્વિસ ટેક્સ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

તૃણમૂલ કોંગ્રેસની યુપીએમાંથી બાદબાકી થયા બાદ યુપીએ સરકારે એક પછી એક કઠોર નિર્ણય લેવાની શરૂઆત કરી દીધી છે. અને આ સિલસિલો જારી રહ્યો છે. રેલવેના એસી ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ ડીઝલની કિંમતમાં પણ વધારો ઝીંકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડીસઇન્વેસ્ટમેન્ટ મારફતે જંગી રકમ ઊભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એસી ટ્રેનના ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ આજથી મુસાફરી કરતા યાત્રીઓને વધુ નાણાં ચૂકવવા પડશે. નવા ભાડા પર આ સર્વિસ ટેક્સ એડવાન્સમાં જારી કરવામાં આવેલી ટિકિટ ઉપર લાગુ થશે. સર્વિસ ટેક્સ વગર જારી કરી દેવામાં આવેલી ટિકિટોનાં કેસમાં આની નવી રીતે ખાતરી કરવામાં આવશે. આવી સ્થિતિમાં આ રકમ ટ્રેનમાં ટીટીઇ અથવા બુકિંગ ઑફિસ પર લઇ લેવામાં આવશે. યાત્રીઓ દ્વારા ટિકીટ રદ કરવાનાં કેસમાં સર્વિસ ટેક્સ રેલવે દ્વારા રિફંડ કરવામાં આવશે નહીં. કન્સેશનલ ટિકીટ પર સર્વિસ ચાર્જ કુલ ભાડાના ૩૦ ટકા સુધી રહેશે. સર્વિસ ટેક્સ ૧૨.૩૬ ટકા છે પરંતુ આની ગણતરી જુદી રીતે કરવામાં આવી રહી છે. એસીક્લાસમાં મુસાફરી કરતાં યાત્રીઓને આ વર્ષે જુલાઇમાં સર્વિસ ટેક્સની જાળમાં આવરી લેવામાં આવ્યા હતાં. ફાયનાન્સ બિલ ૨૦૧૨ મુજબ આ લોકોને જાળમાં લેવામાં આવ્યા હતાં. નુરના દર ઓક્ટોબરથી ૩.૭૦૮ ટકા સુધી વધશે. નુર પર સર્વિસ ટેક્સની કેન્દ્રીય બજેટ ૨૦૦૯માં જાહેરાત કરવામાં આવી હતી પરંતુ તત્કાલીન રેલવે મંત્રી મમતા બેનર્જીએ આ યોજનાનો વિરોધ કર્યો હતો. રેલવે યાત્રી ભાડામાં હાલમાં જ વધારો કરવામાં આવ્યા બાદ આનો ભારે વિરોધ થયો હતો. જો કે થોડાક સમયમાં જ ભાડા વધારાને લઈને વધુ હોબાળો થતાં ભાડા વધારાને મોકૂફ કરવાના બદલે રેલવે મંત્રાલયની હકાલપટ્ટી કરવામાં આવી હતી.

એચ-૧બી વીઝાની નવી કેટગરી માટે પાંચ લાખની ફીની દરખાસ્ત

વોશિંગ્ટન,તા. ૧

ભારતીય આઇટી કંપનીઓને મરણતોળ ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં અમેરિકાની મહાકાય સોફ્ટવેર કંપની માઇક્રોસોફ્ટ કોર્પોરેશને એચ-૧બી વીઝાની નવી કેટેગરી માટે ૧૦૦૦૦ ડોલર અથવા તો પાંચ લાખથી વધુ રૂપિયાની ફીની દરખાસ્ત રજૂ કરી છે. સાથે સાથે પરમાનેન્ટ રેસિડેન્સી માટે ૧૫૦૦૦ ડોલર અથવા તો ૭.૫ લાખ રૂપિયાની ફીની દરખાસ્ત મુકતા ભારતીય આઇટી કંપનીઓની ઉંઘ હરામ થઇ ગઇ છે. માઇક્રોસોફ્ટની આ હિલચાલને અભૂતપૂર્વ તરીકે ગણવામાં આવે છે. આ હિલચાલના કારણે એક જ દશકમાં પાંચ અબજ ડોલરની જંગી રકમ ઉભી કરી શકાશે. માઇક્રોસોફ્ટની યોજના મુજબ એચ-૧બી અને ગ્રીન કાર્ડની નવી કેટેગરીની વાર્ષિક ક્ષમતા વધી જશે. આ હિલચાલના કારણે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના વિદ્યાર્થીઓને મર્યાદિત કરશે. અમેરિકાની આ કંપનીના જણાવ્યા મુજબ આ રકમનો ઉપયોગ અમેરિકાના વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત સાથે સંબંધિત શિક્ષણ કાર્યક્રમ પર ખર્ચ કરી શકાશે. ભારતીય ટેકનોલોજી સાથે સંબંધિત નિષ્ણાંતો એચ-૧બી વીઝાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. જો માઇક્રોસોફ્ટ દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તને અમેરીકી કોંગ્રેસ સ્વીકારી લેશે તો ભારતીય આઇટી કંપનીઓને સૌથી મોટો ફટકો પડશે.

માઇક્રોસોફ્ટની આ દરખાસ્ત એવા સમય પર આવી છે જ્યારે વિદેશ પ્રદાન એસએમ કૃષ્ણા આ જ વિષય પર વાતચીત કરવાના હેતુથી હાલ અમેરિકામાં છે. તેઓ વિદેશ પ્રધાન હિલેરી ક્લિન્ટન સાથે વાતચીત કરી રહ્યા છે. અમેરિકાએ પહેલાથી જ મેક્સિકો સરહદ પર સુરક્ષા વધારવાના હેતુથી વીઝા ફીમાં વધારો કર્યો છે. જેથી ભારતીય આઇટી કંપનીઓ ભારે નારાજ છે. કૃષ્ણા આ મુદ્દો ઉઠાવવા મકક્મ છે. આ ન્યુયોર્કમાં હિલેરી સાથે થનારી તેમની બેઠક પર તમામ લોકોનુ ધ્યાન કેન્દ્રિત થઇ ગયું છે. દરખાસ્તની જાહેરાત વોશિંગ્ટન-સ્થિત થિન્ક ટેંક દ્વારા ગયા સપ્તાહમાં કરવામાં આવી હતી. માઇક્રોસોફ્ટ કંપનીએ કહ્યું છે કે અમેરિકામાં પહેલાથી વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના શિક્ષકો ખુબ ઓછા છે તેવી સ્થિતીમાં ઉભી કરવામાં આવનાર રકમનો ઉપયોગ શિક્ષણ પાછળ કરવામાંઆવી શકેછે. માઇક્રોસોફ્ટમાં પણ હાલ ૬૦૦૦ નોકરી ખાલી છે. જે પૈકી ૩૪૦૦ જગ્યા સંશોધકો અને એન્જિનિયરોની છે.

એન્જિનિયર ખફા : કિંગફિશરે ૩૯થી વધારે ફ્લાઇટ રદ કરી

નવી દિલ્હી, તા.૧

કિંગફિશર એર લાઈન સામે એક પછી એક નવી કટોકટી ઊભી થઈ રહી છે. માર્ચ મહિના બાદથી પગાર ચૂકવણી નહીં કરવાના મામલે એર લાઈનના એન્જિનીયરોએ ગઈકાલે વિરોધ નોંધાવ્યા બાદ ફ્લાઇટ ઓપરેશનને માઠી અસર થઈ હતી. રોકડ કટોકટીનો સામનો કરી રહેલી કિંગફિશર એરલાઈન્સને આજે સવારે ૪૦થી વધુ ફ્લાઇટ રદ કરવાની ફરજ પડી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મુંબઈથી ૬ જેટલી ફ્લાઈટો રદ કરવામાં આવી ચૂકી છે જ્યારે દિલ્હીથી ૩૩ જેટલી ફ્લાઈટો રદ કરવામાં આવી ચૂકી છે. ડીજીસીએના ધારાધોરણ મુજબ જ્યાં સુધી એરલાઈનના એન્જિનીયરો દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં ત્યાં સુધી કોઈપણ વિમાન ઉડાણ ભરી શકશે નહીં.

આશરે એક વર્ષથી નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલી વિજય માલ્યાની માલિકીની એરલાઈને છેલ્લા છ મહિનાથી તેના કર્મચારીઓ પૈકી મોટાભાગના કર્મચારીઓને પગારની ચૂકવણી કરી નથી. આ એરલાઈન ઉપર ૭૦૦૦ કરોડથી વધુની બેંક લોન બાકી છે. જાન્યુઆરી મહિના બાદથી તેની હાલત કફોડી બનેલી છે. વારંવારની હડતાળ અને પાયલોટોમાં અસંતોષના કારણે કિંગફિશર એરલાઈન્સને હાલના સમયમાં મોટી સંખ્યામાં યાત્રીઓ પણ ગુમાવ્યા પડ્યા છે. કરોડો રૂપિયાનો ફટકો પણ પડ્યો છે. કિંગફિશર એરલાઈન્સે સ્થિતિને હળવી બનાવવા પૂરતા પગલાં લીધા નથી એવા અહેવાલ વારંવાર આવ્યા છે.

આવી સ્થિતિમાં કિંગફિશર એરલાઈન્સે માર્કેટ હિસ્સેદારી પણ ગુમાવી છે. વિમાન યાત્રા કરતા યાત્રીઓનો વિશ્વાસ કિંગફિશરમાં વધારે રહ્યો નથી. આ જ કારણસર ઈન્ડિગો અને ઈન્ડિયન એરલાઈન્સની સેવા ફરીવાર વધુ મજબૂત બની રહી છે અને તેમની માર્કેટ હિસ્સેદારીમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કિંગફિશર એરલાઈન્સે ફ્લાઈટ રદ કરતા ફરી યાત્રીઓ અટવાઈ પડ્યા છે. બેંકો પણ હવે વધુ નાણાં આપવાથી ખચકાટ અનુભવ કરી રહી છે.

દિગ્વિજયસિંહ સામે અંતે બદનક્ષીનો કેસ

નવી દિલ્હી,તા. ૧

ભાજપના પ્રમુખ નિતીન ગડકરીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ સામે આખરે બદનક્ષીનો કેસ દાખલ કરી દીધો છે. કોલસા બ્લોકની ફાળવણીમાં જેમના પર ૫૦૦ કરોડ રૂપિયા ખીસામાં મુકી દેવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે તે તેમના પક્ષના સાંસદ અજય સંચેટી સાથે વેપાર સંબંધ હોવાનો ગડકરી પર દિગ્વિજય સિંહે સીધો આક્ષેપ કર્યો હતો. સિંહે તાજેતરમાં એવો આક્ષેપ કરીને સનસનાટી મચાવી દીધી હતી કે સંચેટી ગડકરીના બિઝનેસ પાર્ટનર હતા. સંચેટીએ કોલસા બ્લોક ફાળવણીમાં આશરે ૫૦૦ કરોડનો જંગી નફો કર્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા તરફથી કોર્ટમાં ઉપસ્થિત થયેલા વરિષ્ઠ વકીલ પિન્કી આનંદે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ આ મુજબની વાત કરી હતી. સંચેટી સાથે ગડકરીના કોઈ સીધા સંબંધ હોવાનો ઈન્કાર કરીને આનંદે કહ્યું હતું કે ફરિયાદીની પ્રતિષ્ઠા ખરડવાના મક્કમ ઈરાદા સાથે આ મુજબનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મિડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ બિલકુલ પાયાવગરના છે.

યુપીએ વિરુદ્ધ અવિશ્વાસ દરખાસ્ત લાવવા યોજના

નવી દિલ્હી,તા. ૧

તૃણમૂળ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ આજે યુપીએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તાજેતરમાં જુદા જુદા મામલાને લઈને યુપીએ સરકાર સાથે છેડો ફાડી લેનાર મમતા બેનર્જીએ હવે યુપીએ સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની તૈયારી કરી લીધી છે. મમતાએ લોક વિરોધી નિતીઓ બદલ યુપીએ સરકાર પર આકરા

પ્રહારો કરતા કહ્યું હતું કે તેમની પાર્ટી લોકોના હિતમાં તેની લડાઇ જારી રાખશે. ઐતિહાસિક જંતર મંતર ખાતે ટીએમસીના મોટી સંખ્યામાં કાર્યકરોને સંબોધતા તેમણે કહ્યું હતું કે યુપીએ સરકાર સામાન્ય લોકોના હિતમાં કામ કરી રહી નથી. આર્થિક વિકાસને ઝડપથી આગળ વધારવાના બહાને સરકાર પશ્ચિમી દેશોના કોર્પોરેટ ગૃહોને દેશ વેચી રહી છે. મમતાએ સંકેત આપ્યો હતો કે તેમની પાર્ટી સરકારની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવી શકે છે. આ સરકાર હવે સત્તામાં વધારે રહે તેમ અમે ઇચ્છતા નથી. જો જરૂર પડશે તો સરકાર સામે દરખાસ્ત પણ લાવવામાં આવશે. લોકો સાથે ચેડા કરવાની સરકારને તક આપવામાં આવશે નહી. ટીએમસીના વડાએ કહ્યું હતું કે સરકારને દરેક રીતે ભીંસમાં લેવાના પ્રયાસો કરવામાં આવસે. સરકાર ટીવી માટે સેટ ટોપ બોક્સ ઇચ્છે છે. તે એફડીઆઇ ઇચ્છે છે. સરકાર એલપીજી સિલિન્ડર પર મર્યાદા લાદવા માંગે છે. મમતાએ જાહેરાત કરી હતી કે તેમની પાર્ટી ૧૯મી નવેમ્બર અને ૨૦મી નવેમ્બરે દિલ્હીમાં ૪૮ કલાક લાંબા ધરણા કરશે.

૧૭મી નવેમ્બરના દિવસે લખનૌમાં વધુ એક ધરમાનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. મુલાયમસિંહ યાદવ અને અખિલેશ યાદવને ધરણામાં સામેલ થવા માટે અપીલ કરવામાં આવશે. યુપીએના સાથી પક્ષોને પોતાની પ્રોપર્ટી ગણવાનો મમતાએ સરકાર પર આક્ષેપ કર્યો હતો. તેમની સામે અવાજ ઉઠાવનાર સામે સીબીઆઇનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અગાઉ જનતા દળના વડા શરદ યાદવે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીની પ્રશંસા કરી હતી.

શ્રાધ્ધ પર્વ (પાના નં. ૪ નું ચાલુ)

મિત્રે કહ્યું, તમે માનો તો અમારા વેવાઇ જાણકાર છે તેને પૂછીએ. (આ વેવાઇ ગુજરાતનાં જાણીતા ઉદ્યોગપતિના ગામના હતા.) પૂછતાં કહ્યું કે, તમારા પિતા પ્રેત થઇ તમારા બંગલાની ગટરમાં પત્થર નીચે ઘઉંવર્ણા સાપ રૂપે બેઠા છે. જઇ તપાસ કરતાં જોવા મળ્યા. હવે શું કરવું? નારાયણ બલિ શ્રાધ્ધ કરો. બ્રાહ્મણો - ગાયો - અન્ય શ્રુધાતુરોને જમાડો. આમ કર્યું. વેવાઇએ કહ્યું કે હવે પત્થર ખોલો સર્પ મરી ગયો હશે. તમારા પિતાની ગઇ થઇ ગઇ. (મોક્ષ નહીં) એમ જ થયું હતું. આ લોકો પ્રસિધ્ધ હોઇ નામ નથી દીધાં.

(૩) સુરતના માધવરાવ કર્ણિક આર્યસમાજી હતા અને આર્યસમાજી પિતાના પુત્ર હતા. ઇ.સ. ૧૯૪૫માં પત્ની, પુત્ર, પુત્રી મરી ગયા. આઘાત લાગ્યો. ઇશ્વરમાં અનાસ્થા જેવું લાગ્યા કરે. મધરાતે સ્મશાન વગેરેમાં ફર્યા કરે. પણ ક્યાંક ભૂતો નો ભેટો થયો નહીં ત્યારે ત્યારના ગાંધીવાદી કિશોરીલાલ મશરૂવાળાને પત્ર લખ્યો કે ભૂત યોનિ છે કે નહીં? મને જણાવો. કિશોરીલાલે કહ્યું કે મેં જોયું નથી પણ મારાં વડિલો કહેતાં કે ભૂત યોનિ છે. અને તે લોકોએ મને છેતરવાનું કોઇ કારણ નથી માટે હું માનું છું.

વિશ્વસનીય વ્યક્તિઓના અનુભવો નીચે મુજબ છે

● ૧૮૭૫માં સીત્તેર વર્ષ પહેલાં આર્ય સમાજી ભાણાભાઇ વૈદ્યની વારાફરતી ત્રણ પત્નીઓ ગુજરી ગઇ. ભાણાભાઇ લખે છે કે હું નીચે બેઠો હોઉં ત્યારે ઉપર દવાની બાટલીઓ ખખડતી. ત્રણ વાર યજ્ઞ કર્યો (એક પ્રકારનું શ્રાધ્ધ જ) આ બંધ થયું.

● માધવભાઇ કર્ણિકના પિતા (આર્યસમાજી) ભાસ્કર રાવ ગણપતરાવ કર્ણિક ભેંસરોલ ગામે ફિરંગીઓને ત્યાં નોકરી કરી રાત્રે પાછા વળતા હતા. (રાત્રે ૧૨ પછી દમણ આવતાં) વાયકા તો સાંભળેલી પણ માનતા ન હતા. પીપળાના વૃક્ષ નીચેથી સફેદ વસ્ત્રધારી ઊંચો માણસ પાછળ આવતો હતો. પૂછ્યું બચ્ચા ડર લગતા હૈ ઘર તક છોડને આઉં? કર્ણિક બીક ના માર્યા ગાયત્રી જપતા હતા. ના પાડી. જો હાં - પાડી હોય તો. (જિન) ઘરમાં ઘૂસી જાત.

આવા અનેક દાખલા છે.

● ભરૂચના ડૉકટર મદનલાલ ઝવેરી. સુરત જિ.ધરમપુરના સખારામ માધવરાવ દેસાઇ. આ બધા જ ભણેલા માણસોએ આ યોનિનો સ્વીકાર અને અનુભવ કર્યો છે.

(આ લખાણ ૧૫-૪-૮૩) નાં ધર્મસંદેશમાં લે. માધવરાવ ભા. કર્ણિક (આર્યસમાજી) દ્વારા લખેલ તેનો ઉતારો છે.)

મારા પોતાના જીવનમાં પણ ઘણાં પ્રસંગોમાં શ્રાધ્ધ વડે પિંડદાન થતાં ગતાત્મા મુક્ત થતા જોયા છે.

એક સજ્જને મને કહ્યું કે મારા ૮૦ વર્ષનાં માતા ૧૨ વર્ષ સુધી આ યોનિમાં રહ્યાં. મોટા પુત્રને ત્યાં લગ્ન થયે ૧૧-૧૨ વર્ષ થયાં છતાં સંતાન ન હતું. સંતાન માટે નારાયણ બલિ પ્રયોગ કર્યો. મા મોટા પુત્રની પત્નીનાં દેહમાં પ્રવેશ્યાં અને બોલ્યાં કે હું વિદાય થતી હતી ત્યારે મોટી વહુ હાજર ન હતી, એમાં મારૂં મન રહ્યું હવે એને હાથે મને જલ પીવડાવો. માજીની પિંડ વડે ગતિ થઇ, કહ્યું આવતે વર્ષે સંતાન થશે અને થયું જ.

● સિધ્ધપુરમાં માતૃશ્રાધ્ધ કરવા મુંબઇનું કુટુંબ આવેલું. બધાં જ ગ્રેજ્યુએટ હતા. મોટી વહુનાં શરીરમાં તેની સાસુ આવે અને શ્રાધ્ધ માગે. બિંદુ સરોવર ઉપર ગયાં, શ્રાધ્ધ શરૂ થયું. કૉલેજિયન દિયર કહેવા માંડ્યો, મારી મા મને કેમ ન આવે. તમે બધાં લૂંટવા ધતિંગ માંડ્યું છે. તેને સમજાવી પીપળાનાં વૃક્ષ નીચે ઓટલા બેસાડ્યો. પિતૃ આવાહન ના પિંડો અપાયા તુરત તે કૉલેજિયન જ કુદીને ત્યાં આવ્યો. હું તમારી મા છું - એમ બોલ્યો. બિંદુ સરોવરનું એક ડોલ પાણી પી ગયો. માની ગતિ થઇ. ભાન આવ્યું આશ્ચર્ય થયું કે હું અહીં ક્યાંથી? બ્રાહ્મણો એ બિન્દુ સરોવરનું પાણી બતાવ્યું કે આ પાણી તું એક ડૉલ પી ગયો છે. ક્ષમા માગી પગમાં પડી ગયો.

મેં ગાંધીનગરમાં ઘણાં કિસ્સા જોયા છે. તેમ જ અન્ય સ્થળોએ અનેક અનુભવ્યા છે. આવા અનેક કિસ્સા છે. લકીરના ફકીરોને સંશોધનની ટેવ નથી. ખરેખરા અંધશ્રધ્ધાળુઓ તો તે લોકો છે : બલિ વૈશ્વદેવમાં વાયસેભ્યો નમ ઇંદ નમમ છે. બલિવૈશ્વદેવ પંચયજ્ઞ દયાનંદે બતાવ્યા છે એમ કહેનારાને હું કહીશ કે ૧૫૦ વર્ષ પહેલાંથી હજારો વર્ષ સુધીમાં પંચયજ્ઞ થતા આવ્યાં છે. હાલ પણ કરનારા કહે છે ગૃહ્ય સૂત્રો પુરાણો - સ્મૃતિઓ - વગેરેમાં તેનો ઉલ્લેખ છે તે નવું નથી.

શ્રાધ્ધમાં પંચબલિ વિધાન છે. માત્ર અમુક લોકોની જાગીર નથી.

(૧) ગો બલિ : ગાય માટે ભાગ

(૨) શ્વાન બલિ : કૂતરા માટે ભાગ

અથર્વવેદ, કાંડ-૧૮, પિતૃમેધ, સૂ.૨ મંત્ર-૧૧-૧૨-૧૩ માં શ્વાનોનો ઉલ્લેખ છે.

યૌ તૌ શ્વાનો...

(૩) કાક બલિ : અથર્વ કાંડ-૧૮, પિતૃમેધ સૂ.૩ મં.૫૫માં યન્તે કૃષ્ણઃ શકુન માં ઉલ્લેખ છે.

(૪) દેવાદિબલિ : દેવકોટીના સર્વ માટે...

(૫) પિપીલિકા (કીડી) બલિ :

ગાય માટે ભાગ રખાય છે. કૂતરાને પણ અપાય જ છે. કીડીઓને પણ અન્નકણો વેરાય જ છે. કાગડાને સનાતનીય માન્યતા પ્રમાણે યમોસિયમદૂતો સિ એવી ઉપમા. પણ આપી છે. અને કહેવાય છે કે, પ્રતિગૃણન્તુ વાયસાઃ જો ધાબે મુકીએ તો જ કાગડો લઇ શકે એટલા માટે ધાબા પર મૂકાય છે. બાકી મા - કે બાપા કાગડા બનીને નથી આવતા, કાગડાને પણ આ દિવસોમાં બચ્ચાં મોટા થતાં હોઇ ૧૫ દિવસ સુધી મેલું ઘેલું કાંઇ ખવડાવવું નથી પડતું, કાગડાને સંસ્કૃતમાં વાયસ કહે છે, માટે અપભ્રંશમાં વાસ નાખવી શબ્દ વપરાય છે.

- વેદાન્તાચાર્ય કૃપશંકર વ્યાસ